ગાંધીનગર સમાચાર

તા. ૧૭-૧-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

# દિલ્હીમાં ભાજપનું કિરણકાર્ડ

આગામી દિવસોમાં દિલ્હીનું નગરરાજય વધુ એક ચૂંટણી જંગનો સામનો કરશે ત્યારે ભારતીય જનતા પાર્ટીએ આમ આદમી પાર્ટીના લોકપ્રિય નેતા અરવિંદ કેજરીવાલ સામે ઊતરવા માટે હુકમનું પાનું શોધી કાઢ્યું છે. કિરણ બેદી ભારતના પ્રથમ આઇપીએસ ઓફિસર છે. એમની ચાળીસ વર્ષની દંતકથારૂપ કારકિર્દીની અત્રતત્રસર્વત્ર પ્રશંસા થતી રહી છે. પોલીસ સેવા ક્ષેત્રે હકારાત્મક વલણ અપનાવી એમણે માનવીય અભિગમવાળી નવી શૈલીનો સૂત્રપાત કર્યો હતો, જેની મેગસેસે એવોર્ડ જેવા પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સન્માનથી નવાજેશ થયેલી. કિરણ બેદીએ તિહાડ જેલને આશ્રમમાં ફેરવી દઇ દુનિયાને ચકિત કરી મૂકી હતી પરંતુ વધુ પડતી આત્મરતિ અને પબ્લિસીટીનો મોહ એમને દિલ્હીનાં પોલીસ કમિશનર પદે પહોંચવામાં અવરોધરૂપ બન્યા હતા. કિરણ બેદીને આવું બધું ગમે છે - 'લાઇમ લાઇટ' માં રહેવાનું એમને વ્યસન પડી ગયું છે, જેવી ટીકાઓ સતત થતી રહી અને કિરણ બેદી કોઇની પણ પરવા કર્યા વગર હાથીની ગતમાં આગળ વધતાં રહ્યા. છેલ્લે અણ્ણા હજારેના આંદોલનમાં એ કેજરીવાલનાં પ્રતિસ્પર્ધી બની રહ્યાં, તે એ હદે કે ગુરુ શિષ્ય વચ્ચે તિરાડ પડાવીને જંપ્યાં હતા. કેજરીવાલ રાજકીય પાર્ટી બનાવવા તૈયાર થયા ત્યારે અણ્ણા હજારે એમને ટેકો આપવાના મુદ્દે અવઢવમાં હતા. કિરણ બેદીએ એમને અરવિંદ કેજરીવાલથી તદ્દન વિમુખ કરી દીધા હતા. અણ્ણાની સેના કોંગ્રેસી નેતાઓનાં ઘર આગળ ધરણાં કરે એની સામે કિરણને કોઇ વાંધો નહોતો, પરંતુ ભાજપનાં સુષ્મા સ્વરાજના ઘર આગળ ધરણાં કરવા ગેયલા કાર્યકરોની કુચેષ્ટા એમને પસંદ નહોતી પડી. આમ કિરણ બેદીનું ગુપ્ત ભાજપ કનેકશન બધાની નજરમાં આવી ગયું હતું. છેલ્લે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ સ્વાતંત્ર્ય દિવસની સમાંતર ઉજવણી કચ્છ ખાતે કરી અને તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહ વિરુદ્ધ બેફામ ઉચ્ચારણો કર્યાં ત્યારે પણ કિરણ બેદીએ મોદીમાં વધુ સારા સંભવિત વડાપ્રધાનનાં દર્શન કર્યા હતા. દિલ્હી વિધાનસભાની ગત વર્ષ થયેલ ચૂંટણી ટાણે કુમાર વિશ્વાસ જેવા નેતાઓએ કિરણ બેદીને ચૂંટણી લડી આમ આદમીના મુખ્યમંત્રી પદનાં ઉમેદવાર તરીકે આગળ ધરવાની ઓફર પણ કરી હતી. પરંતુ પાર્ટીમાં કેજરીવાલનું વર્ચસ્વ જોઇ એમણે રાજકારણમાં કયારેય નહી પડવાનું અને રચનાત્મક પ્રવૃત્તિ કરતા રહેવાનું વલણ અપનાવ્યું હતું. કિરણ બેદી અતિ મહત્ત્વાકાંક્ષી મહિલા છે. પરંતુ એમની સેલિબ્રીટી વેલ્યૂ જોઇ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમને ભાજપમાં પ્રવેશ અપાવી દિલ્હીના મુખ્યમંત્રી પદના ભાજપી ચહેરા તરીકે પ્રોજેક્ટ કરવાનો ગણતરી પૂર્વકનો નિર્ણય લીધો છે. કિરણ બેદીનું આ શરતી જોડાણ ભાજપના દિલ્હી એકમના વિજય ગોયલ કે સતીશ ઉપાધ્યાય જેવા નેતાઓને કેટલું ગમ્યું હશે તે સમજી શકાય એમ છે. પરંતુ કેજરીવાલને દિલ્હીના મુખ્યમંત્રી બનતા અટકાવવા માટે એમની અનિવાર્યતા ગળે ઉતારવામાં પાર્ટીના હાઇ કમાન્ડને સફળતા સાંપડી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પોતે જ એમને પોતાની ગાડીમાં બેસાડીને લઇ આવ્યા અને પત્રકાર પરિષદમાં અરુણ જેટલીને પણ એમની પ્રશંસા કરવી પડી. કિરણ બેદી અત્યારથી દિલ્હીનાં મુખ્યમંત્રી બની ગયાં હોય એમ પોતે ચાલીસ વર્ષના પોતાના વહીવટી અનુભવનો દિલ્હીને લાભ અપાવવા કૃતસંકલ્પ છે, એવું નિવેદન કરી બેઠાં છે. દિલ્હીની સેવા એ એમનાં જીવનનું 'મિશન' હોઇ શકે છે, પરંતુ ભાજપનું મિશન તો કેજરીવાલની વધતી વગ સામે એમનો ઉપયોગ કરવાનું જ છે, તે સમજી શકાય એમ છે. કિરણ બેદી ઉપરાંત ભાજપ અનેક મુસ્લિમ અગ્રણીઓ અને શાઝિયા ઇલ્મી જેવી આમ આદમી પાર્ટીની પ્રતિભાઓ, અમરસિંહ-જયા પ્રદા વગેરેને પ્રવેશ આપી દિલ્હીનો ગઢ જીતી લેવાનો વ્યૂહ અપનાવી રહ્યું છે. કિરણ કાર્ડ કેટલું કારગત નીવડશે એ માટે થોભો અને દિલ્હી વિધાનસભાની ચૂંટણીનાં પરિણામોની રાહ જુઓ!

# સ્કૂલ ઓફ એચિવરમાં સ્પોર્ટસ્ ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના કુડાસણ ખાતે આવેલ સ્કૂલ ઓફ એચિવરમાં તા. ૧૨મી જાન્યુઆરીએ સ્પોર્ટસ ડે અને તા. ૧૩મી જાન્યુઆરીએ મકરસંક્રાંતિની ઉજવણી કરવામાં આવી હતી. સ્પોર્ટસ ડે ના કાર્યક્રમમાં સ્કૂલ ગેમ્સ, રિક્રિએશન ગેમ્સ તથા એથ્લેટીક્સ ડોમ્સ એમ ત્રણ પ્રકારની રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. મકરસંક્રાંતિ કાર્યક્રમમાં શાળાના અંગ્રેજી માધ્યમના નહેરૂ હાઉસ અને ગુજરાતી માધ્યમના બ્લુ હાઉસ વિજેતા જાહેર કરાયા હતા.

સ્પોર્ટસ ડે ના કાર્યક્રમમાં યૌગિક ડાન્સ, માઈમ પ્રેરણાગીત વગેરે બાદ ધ્વજારોહણ કરાયું હતું. આ પ્રસંગે શાળાના મેનેજીંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલ, પ્રેસિડેન્ટ વિનોદભાઈ પટેલ ઉપરાંત હસમુખભાઈ પટેલ અને રાજેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના પટાંગણમાં યોજાયેલ સ્પોર્ટસ ડે માં ૩૦ પ્રકારની સ્કૂલ ગેમ્સ, ૧૨ પ્રકારની રિક્રિએશન ગેમ્સ અને ૧૧ પ્રકારની એથ્લેટીક્સ ગેમ્સ રમાડવામાં આવી હતી. સ્પર્ધક વિદ્યાર્થીઓ શારિરિક, માનસિક અને બૌદ્ધિક રીતે ખીલે તે માટે એક્ટીવિટી ઈન્ચાર્જ જગદીશભાઈ સુથારની રાહબરી હેઠળ શાળાના વ્યાયામ શિક્ષકો મિલનભાઈ પટેલ, અલ્પેશભાઈ બારડ અને ધર્મેન્દ્રસિંહ સોલંકીએ કર્યું હતું.

શાળાના પરિસરમાં તા. ૧૩ જાન્યુઆરીએ યોજાયેલ ઉત્તરાયણમાં મેનેજીંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ અને બંને માધ્યમોના આચાર્યોના હસ્તે પતંગ ચગાવી સ્પર્ધાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. બાળકોએ આ સ્પર્ધાને ઉલ્લાસપૂર્વક માણી હતી અને પતંગ સ્પર્ધામાં અંગ્રેજી માધ્યમમાં નહેરૂ હાઉસ અને ગુજરાતી માધ્યમમાં બ્લ્યુ હાઉસ વિજેતા બન્યા હતા. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ દ્વારા સ્ટોલ્સ પણ યોજવામાં આવ્યા હતા. જેમાં બાળકોએ તલસાંકળી, ઢોકળા, સેન્ડવીચ, બાસ્કેટ ચાટ, તુવર ટોઠા, પિત્ઝા, શેરડી, પાઈનેપલ, પાણી-પુરી જેવી અનેક આઈટમોનું વિતરણ કર્યુ હતું. આ દિવસે વોલીબોલ, ફૂટબોલ અને ક્રિકેટની સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી. તેમજ શિક્ષકો માટે રસ્સાખેંચ અને શિક્ષિકાઓ માટે સંગીત ખુરશી યોજવામાં આવી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન જગદીશભાઈએ અન્ય શિક્ષકોના સહયોગથી કર્યુ હતુ.



## હરિની દૃષ્ટિ...




ઉતરાયણમાં કેટલા પક્ષી મર્યા એ વાંચી વાંચીને દુઃખી ન થશો... છાના માના નાહી નાંખો...!! બસ ... !

# માણસામાં આયુર્વેદ નિદાન સારવાર કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે તા. ૧૬મી જાન્યુઆરીએ આયુર્વેદના પ્રચાર પ્રસાર હેતુથી નગરપાલિકા કોમ્યુનીટી હોલ ખાતે આયુર્વેદ નિદાન સારવાર, પ્રકૃતિ પરીક્ષણ તથા વૃદ્ધાવસ્થા જન્મ વ્યાધિ ચિકિત્સા અર્થે આયુર્વેદ મેગા કેમ્પનું આયોજન રાખવામાં આવ્યું હતું. તેમાં ૩૯૩ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ, માણસા ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખ જાગૃતિબેન પટેલ, નગરપાલિકા પ્રમુખ ગોવિંદભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય જયેશભાઈ પટેલ, મદદનીશ નિયામક આયુર્વેદ પ્રકાશભાઈ ઉપાધ્યાય, સીનીયર સિટીઝન મંડળ માણસાના પ્રમુખ દિલીપસિંહ તથા માણસાના અગ્રણીઓ તેમજ નગરજનો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં આયુર્વેદ પદ્ધતિથી નિદાન ચિકિત્સા કેમ્પમાં ૨૯૪ જેટલા લાભાર્થી, વૃદ્ધાવસ્થા જન્ય વ્યાધિ ચિકિત્સા કેમ્પમાં ૭૨ તથા પ્રકૃતિ પરીક્ષણ કેમ્પમાં ૫૯ આમ કુલ ૩૯૩ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો. તેમા ડૉ. દક્ષેન ડી. ત્રિવેદી, ડૉ. અમીત પટેલ, ડૉ. એ.એ. ગોસાઈ, ડૉ. કામીની વ્યાસ, ડૉ. હેમાંગેની આર્ય, ડૉ. ભાવેશ પટેલ તથા ડૉ. ઘનશ્યાન પ્રજાપતિએ સેવાઓ આપી હતી.

# ગાંધીનગર જિલ્લા નાડોદા રાજપૂત સમાજના સ્નેહમિલન સમારંભનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા નાદોડા રાજપૂત સમાજ દ્વારા તા. ૧૮મી જાન્યુઆરીએ સવારે ૧૦ વાગે કોબા ખાતેના સાધના આશ્રમમાં અખિલ ગુજરાત નાડોદા રાજપૂત સમાજના પ્રમુખ માવજીભાઈ ડોડીયા (માજી ડેપ્યુટી મેયર, રાજકોટ)ના અધ્યક્ષ સ્થાને સમાજનું પ્રથમ સ્નેહમિલન કમ વનડે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજના તેજસ્વી તારલાઓ અને વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરવામાં આવશે.

આ વનડે વર્કશોપમાં સમાજના પ્રથમ વર્ગના અધિકારીઓ, ઉદ્યોગપતિઓ, સમાજની સંસ્થાઓ (છાત્રાલય, સ્કૂલો)ના સંચાલકો, રાજકીય અગ્રણીઓ પધારનાર છે. તેમાં સમાજની હાલની સમસ્યાઓની ચર્ચા થશે. કન્યા કેળવણી, બેટી બચાવો અભિયાન, સ્વચ્છતા અભિયાન, વ્યસનમુક્તિ, સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શન કેમ્પ અને ગાંધીનગર ખાતે સમસ્ત ગુજરાત રાજપૂત સમાજનું કેન્દ્રિય કાર્યાલય, ગેસ્ટ હાઉસ, પ્રશિક્ષણ કેન્દ્ર વગેરે બાબતોના આયોજન અંગે વિચારણા કરવામાં આવશે.

સમાજમાં ગુજરાત રાજયમાં પ્રથમ વખત યુપીએસસીની પરીક્ષા પાસ કરનાર ધર્મેન્દ્રસિંહ હેરમા તથા મેડીકલના અભ્યાસમાં જનાર વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન યોજાનાર છે. આ સેમિનારમાં ઉદ્યોગપતિ માવજીભાઈ કટારીયા, નટવરસિંહ ડોડીયા, કુ. ભાવનાબેન બારડ, અનુરાગસિંહ ચૌહાણ, ડૉ. રામજીભાઈ લકુમ, ડૉ. એચ.એમ. ડાભી, કમાભાઈ રાઠોડ, વજુભાઈ ડોડીયા અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહેનાર છે. સમાજના ગાંધીનગર તથા અમદાવાદ ખાતે રહેતા જ્ઞાતિબંધુઓને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આરાધના વિદ્યાવિહારમાં વાર્ષિક રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

વિદ્યાર્થીના જીવનમાં ખેલદિલી, ઉત્સાહ, ધીરજ, ચપળતા, આનંદ વગેરે ગુણો કેળવાય તે હેતુથી આરાધના વિદ્યાવિહાર, સેક્ટર-૨૮ ખાતે તા. ૧૦મી જાન્યુઆરીના રોજ શાળાના વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ સ્લો સાયકલિંગ, લોટમાંથી પૈસા શોધ, ફુગ્ગા ફોડ, લીંબુ ચમચી દોડ, દોરડા કૂદ, સંગીત ખુરશી, કોથળા દોડ, આંધળાનો ગોળીબાર, રસ્સા ખેંચ, ત્રિપગી દોડ વગેરે રમતોમાં ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. વિવિધ રમતોમાં વિજેતા થયેલ પ્રથમ ત્રણ સ્પર્ધકોને શાળા પરિવાર તરફથી ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ગુંજન લાફીંગ ક્લબ દ્વારા હાસ્યોત્સવ ઉજવાશે

ગાંધીનગરની ગુંજન લાફીંગ ક્લબનો ૨૦મો વાર્ષિકોત્સવ કાર્યક્રમ 'હાસ્યોત્સવ-૨૦૧૫'નું આયોજન તા. ૨૬મી ફેબ્રુઆરીએ સે. ૨૨ની વાસ્તુનિર્માણ સોસાયટીના ત્રિકોણ બાગ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમાં ગાંધીનગરના દરેક અબાલવૃદ્ધ નગરજનો ભાગ લઈ શકે છે. અને ભાગ લેવા માટે તમામ હાસ્ય રસિકજનોએ તા. ૩૧મી જાન્યુઆરી સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવા સંસ્થાના કાર્યકર મનહરભાઈ શાહ, અમૃતભાઈ મોઢનો સંપર્ક કરવા જણાવાયું છે. હાસ્ય વિશેષાંક ગુંજન-૨૦૧૫ માટે લખાણ, સંપાદક મંડળના સભ્યો પ્રાં. રવિન્દ્ર દવે, રમેશભાઈ ત્રિવેદી, અમૃતભાઈ મોઢ અથવા મનહરભાઈ શાહનો સંપર્ક કરવા જણાવાયું છે.

## સાહિત્ય અકાદમી દ્વારા કથાસંધિનું આયોજન

ગાંધીનગરની ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ દ્વારા સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે તા. ૨૦મી જાન્યુઆરી મંગળવારે કથાસંધિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સવારે ૧૦ વાગે ખિમજી વિશરામ હોલ ખાતે યોજાશે. જેમાં ગુજરાતી ટૂંકી વાર્તાઓના પ્રતિષ્ઠિત વાર્તાકાર મોહનલાલ પટેલ દ્વારા વાર્તા પઠન કરવામાં આવશે.

# સ્પોર્ટસ સ્કુલ યોજનામાં યંગ ટેલેન્ટ ખેલાડીઓની પસંદગી કસોટીનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજનામાં પ્રવેશ આપવા માટે વાય.ટી. ખેલાડીઓની પસંદગી માટે તા. ૧૮ થી ૨૧ જાન્યુઆરી દરમિયાન સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સે-૧૫, ગાંધીનગર ખાતે રાજય કક્ષાની પસંદગી કસોટીનું આયોજન કરવામાં આવેલ છે. આ પસંદગી કસોટી માટે જિલ્લા કક્ષાની કસોટી દરેક જિલ્લામાં લેવામાં આવેલ કસોટીઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ખેલાડીઓને મેરીટના આધારે રાજય કક્ષાની કસોટી માટે બોલાવવામાં આવેલ છે. તદઉપરાંત પીટી ઉષા દ્વારા રાજકોટ, અમદાવાદ, નડીયાદ અને સુરત ખાતે લેવાયેલ કસોટીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ખેલાડીઓમાંથી પ્રતિભાશાળી ખેલાડીઓને મેરીટના આધારે રાજય કક્ષાની કસોટી માટે બોલાવવામાં આવેલ છે. રાજય કક્ષાની કસોટી માટે પસંદગી પામેલ ખેલાડીઓની યાદી www.sportsauthorityofgujarat.in પર દર્શાવેલ છે.

રાજય કક્ષાની કસોટીમાં મોટર-એબિલિટિ જેવા વૈજ્ઞાનિક પદ્ધતિના ટેસ્ટ અને શારીરિક કસોટીઓના આધારે જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજનામાં વાય.ટી. (યંગ ટેલેન્ટ) ખેલાડીઓની પસંદગી કરવામાં આવશે. જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજનામાં વાય.ટી. ખેલાડી તરીકે પસંદગી પામનાર ખેલાડીઓને નિષ્ણાંત કોચ અને રમતોના તજજ્ઞો દ્વારા તાલીમ, નિવાસ, ભોજન ખર્ચ, રમતનો ગણવેશ, સાધનો માટેનો ખર્ચ વિના મુલ્યે શિક્ષણ, વિશિષ્ટ પૌશષ્ટિક આહાર, વિમા કવચથી સુરક્ષા અને રાજય તથા રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે શિષ્યવૃત્તિ જેવા લાભ આપવામાં આવે છે.



કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા અક્ષ-૨૦૧૫ આર્ટ એન્ડ ક્રાફ્ટ વર્કશોપનું બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ દિવસે શાળા કોલેજોના ૧૦૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. (તસવીર : મિતેશ મોદી)

# મોડેલ ડીસ્ટ્રીકટ બનાવવાના સંકેત સાથે મૂલ્ય નિષ્ઠ શિક્ષણની હિમાયત કરતા ભૂપેન્દ્રસિંહ

## ગાંધીનગર જિલ્લામાં એક માસમાં દરેક બાળકનું માઈન્ડ મેચીંગ કરી ત્રુટીઓના નિવારણની કાર્ય યોજના તૈયાર કરાશે : વાનાણી : શિક્ષણની ભૂખ બાળકમાં લગાડો : હિનાબેન પટેલ ચોથા ગુણોત્સવમાં જિલ્લાનું પરિણામ તાપીની સરખામણીએ ચિંતાજનક : વાનાણી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાને શિક્ષણ ક્ષેત્રે મોડેલ ડીસ્ટ્રીકટ બનાવવા સરકાર આગળ વધી રહી છે ત્યારે શિક્ષકો મૂલ્યનિષ્ઠ શિક્ષણ માટે કટિબધ્ધ બને તે જરુરી છે. તેમ રાજયના શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ આયોજિત ગુણવત્તાસભર શિક્ષણ માટેની ચિંતન શિબિરમાં બોલતાં શિક્ષણમંત્રી શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે ગાંધીજીએ પ્રબોધેલા ૧૧ મહાવ્રતોના માધ્યમ થકી આપણા શિક્ષણને સંવેદનશીલ બનાવીએ. તેમણે કહ્યું કે શિક્ષણમાં સંવેદના આવતાં જ તે ગુણવત્તાસભર બનશે.

શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે જી.આર. કે સી.આર. ને બદલે આપણી જવાબદારી સારા સમરસ સમાજની રચના માટેની છે તે ભૂલવી જોઈએ નહિ. તેમણે કહ્યું કે નિયમિતતા, પ્રમાણિકતા, સત્ય વચનોનું ઉચ્ચારણ એ આપણા માનવીય જીવનના મહત્વના મૂલ્યો છે અને તેના શિક્ષણ પર ભાર મુકીએ.

ધો-૧૧ અને ૧૨ની પરીક્ષામાં સી.સી. ટી.વી. કેમેરા લગાવવાના ઈનોવેટીવ પ્રોજેક્ટ તરીકે સારો લાગે પણ આપણા બાળકમાં ચોરીની વધતી જતી વૃત્તિ એ સમાજ માટે શરમ બને તે વાત ભૂલવી જોઈએ નહિ.

આ ચિંતન શિબિરને સંબોધતાં રાજય શિક્ષણ મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું હતું કે શિક્ષણ થકી ગરીબી નાબુદીની દિશામાં મહત્વના કદમ ભરવા સરકાર માગે છે.સુવિધાઓ બધી ઉપલબ્ધ છે ત્યારે મહેકમની ઘટ કે અન્ય અભાવી બાબતોને પ્રાધાન્ય નહિ પણ સમાજ પ્રત્યેની પ્રતિબધ્ધતા વ્યકત કરવાનો સમય આવી પહોંચ્યો છે.

તેમણે કહ્યું કે આજની આ શિબિર બાળકના હિત માટે યોજાઈ છે તે જાણી આનંદ પ્રાપ્ત થયો. તેમણે જણાવ્યું હતું કે જિલ્લો નાનો છે અને સૌથી ઓછી ઘટ છે ત્યારે સુવિધાઓથી ભરપૂર આ જિલ્લાને મોડેલ ડિસ્ટ્રીકટ બનાવવો છે ત્યારે ગુણવત્તા સભર શિક્ષણ માટે સૌ કામે લાગીએ.

રાજય મંત્રીએ મોડેલ ડીસ્ટ્રીકટ બનાવવા મટે તાલુકાને એકમ ગણી દરેક શાળાનો એકશન પ્લાન બનાવીએ. આગામી એક માસમાં દરેક શાળાના તમામ બાળકોના માઈન્ડ મેપીંગની કામગીરી પૂર્ણ કરી ત્રુટીઓની પૂર્તતા કેવી રીતે થઈ શકે તે વિશેનું ચિંતન કરીએ.

તેમણે ગાંધીનગર જિલ્લાનું ચોથા ગુણોત્સવમાં જે પરિણામ હતું તેના કરતાં તાપીનું જે પરિણામ હતું તે વધુ ઉંચું અને શ્રેષ્ઠ હતું જે આપણા માટે સારી વાત ના કહેવાય આ પરિણામો કરતાં શ્રેષ્ઠતા તરફ આગળ વધીએ અને કમર કસીએ તો જ આ ચિંતન શિબિર સફળ થયેલી લેખાશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલે પ્રવચન કરતાં જણાવ્યું હતું કે શિક્ષકો બાળકો પ્રત્યે લગાવ લગાવે અને બાળકના મનમાં તેમના પ્રત્યેનો લગાવ ઉભો થાય એટલું જ નહિ તેના મનમાં શિક્ષણ માટેની ભૂખ જન્માવીએ. તેમણે કહ્યું કે શિક્ષકો શાળાને સાચા અર્થમાં સરસ્વતીનું મંદિર બનાવે તે જરુરી છે.

શ્રીમતી પટેલે શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાનગંગા જયાં વહે તે સુભાષિત ને સાકાર કરવા સૌનો સાથ મેળવી આગળ વધીએ. ગુણવત્તાસભર શિક્ષણ એ સમયની માંગ છે. ખાનગી શાળાઓ સાથે સ્પર્ધા નહિ પણ માંગ પ્રમાણેનું શિક્ષણ આપી સમાજને સમરસ બનાવીએ.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી અમીત ચૌધરી, પ્રા. શિક્ષક સંઘના શ્રી ચંદુભાઈ જોશી, શ્રી બળદેવભાઈ ચૌધરી, જિલ્લા પ્રા.શિ.અ.શ્રી રાઠોડ, એકસીસ બેંકના હેડ મેનેજર સહિત અનેક મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતાં.

## સરકારી પ્રાથમિક શાળાઓનું સંચાલન વિભાગ દ્વારા જ થશે : ચુડાસમા

ગાંધીનગર, તા. ૧૬

સરકારી પ્રાથમિક શાળાઓનું સંચાલન ખાનગી સંસ્થાઓને સુપ્રત નહિ કરાય તેમ રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે જણાવ્યું હતું.

ચિંતન શિબિર બાદ પત્રકારો સાથેની વાતચીતમાં પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર શહેરની તમામ પ્રાથમિક શાળાઓનું સંચાલન સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જ કરવામાં આવશે.

થોડા સમય પહેલા શહેરની માધ્યમિક શાળાઓનું સંચાલન કડી સર્વ વિદ્યાલયને સોંપવાનો નિર્ણય કરાયો છે જે ઉલ્લેખનીય છે.